## સંક્ષિપ્ત સમાચાર

### દમણમાં પારસી સમુદાયે એકબીજાને પાઠવી નવરોઝની મુબારકબાદી



દમણ : સંઘપ્રદેશ દમણમાં વસતા પારસી સમુદાયના લોકો દ્વારા આજે નવરોઝની ઉજવણી કરવામાં આવી હતી. નાની દમણ પોલીસ મથકના પાછળના ભાગે આવેલી અગિયારી ખાતે દમણ તથા વાપીમાં વસતા પારસી સમુદાયના લોકો એકત્ર થયા હતાં. જે બાદ અગિયારીમાં આ અવસર પર પારસીઓના ભગવાન અહુરમાઝદાની પ્રાર્થના કરી અગ્નિમાં ચંદનના લાકડા અર્પિત કરી ભારત દેશની સાથે વિશ્વમાં શાંતિ સ્થાપિત થાય તેવી કામનાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા પારસી ભાઈઓ અને બહેનો દ્વારા એકબીજાને નવરોઝની મુબારકબાદી પાઠવી પારંપરિક ચાસણીનો આનંદ લીધો હતો. આ પ્રસંગે પારસી સમાજના અગ્રણી અર્દેશ, અસ્પી દમણિયા, મઝદા તોડીવાલા સહિત સમાજના અગ્રણીગણ ઉપસ્થિત રહ્યા હતાં.

### પારડી તાલુકામાં આરોગ્ય સુવિધાઓનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ


અમૃત પટેલ

પારડી : નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ પારડી તાલુકાના સરોંધી, પલસાણા, પંચલાઈ ખાતે નવનિર્માણ થનારા પેટા આરોગ્ય કેન્દ્રોનું ખાતમુહૂર્ત અને મોટા વાઘછીપામાં નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ સુખેશ અને પરવાસાના પેટા આરોગ્ય કેન્દ્રના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કર્યું હતું. મંત્રીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા વાઘછીપાથી આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત વલસાડ માટે સ્માર્ટ હેલ્થ સિક્યુરિટી પહેલ - સીસીટીવીનું પણ લોકાર્પણ કર્યું હતું. સરોંધી પેટા આરોગ્ય કેન્દ્ર રૂપિયા ૨૯.૨૩ લાખ, પલસાણા રૂપિયા ૩૦.૪૨ લાખ અને પંચલાઈ પેટા આરોગ્ય કેન્દ્ર રૂપિયા ૨૯.૨૩ લાખના ખર્ચે નિર્માણ થશે. મોટા વાઘછીપા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું રૂપિયા ૧.૨૦ કરોડના ખર્ચે નિર્માણ થયું છે. સુખેશ ખાતે રૂપિયા ૬.૮૬ કરોડના ખર્ચે ગર્લ્સ અને સુખલાવમાં રૂપિયા ૬.૫૮ કરોડના ખર્ચે બોયઝ હોસ્ટેલનું નિર્માણ થશે. મંત્રી કનુભાઈ દેસાઈએ સુખેશમાં રૂપિયા ૬.૮૬ કરોડના ખર્ચે નિર્માણ થનાર ગર્લ્સ હોસ્ટેલ અને સુખલાવમાં રૂપિયા ૬.૫૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર બોયઝ હોસ્ટેલનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ બંને હોસ્ટેલ ૨૦૦ વિદ્યાર્થીઓની કેપેસિટીની બનાવવામાં આવશે. મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગામોમાં વધુ આરોગ્ય સુવિધાઓ ઊભી થવાથી ગ્રામજનોને મુશ્કેલીના સમયે દૂર નહીં જવું પડે. કાર્યક્રમોમાં તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશ પટેલ, પારડી તાલુકા સંગઠન પ્રમુખ પુનિત પટેલ, વાપી તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, વીઆઇએ પ્રમુખ સતિષ પટેલ, ગામના સરપંચો, માર્ગ અને મકાન વિભાગના (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેર જતિન પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અરવિંદ સિંઘ, સંબંધિત વિભાગના અધિકારી- કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

### બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં વલસાડના પી. ડી. પટેલનો વિજય




વલસાડ : ગુજરાતના અંદાજે સવા લાખ વકીલોની માતૃસંસ્થા એવી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની 6 માર્ચે યોજાયેલી ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું. જેમાં વલસાડ જિલ્લા વકીલ મંડળના છેલ્લા 24 વર્ષથી પ્રમુખ તરીકે ચૂંટાતા આવતા પી. ડી. પટેલનો વિજય થયો છે. આ ચૂંટણીમાં પી. ડી. પટેલે સમગ્ર ગુજરાતમાંથી એકડા એટલે ફર્સ્ટ પ્રેફરન્સના વોટ મેળવવામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી ઇતિહાસ રહ્યો છે. પી. ડી. પટેલ સને 2018 માં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી જીત્યા હતા અને વાઈસ-ચેરમેન તેમજ વિવિધ કમિટીઓના ચેરમેન પણ રહી ચુક્યા છે. તેમજ સમગ્ર ગુજરાતના નોટરીઓના નોટરી એસોસિએશન ઓફ ગુજરાતના પણ તેઓ બિનહરીફ પ્રમુખ બન્યા હતા અને હાલમાં તેઓ પ્રમુખ છે. આ વખતે સમગ્ર ગુજરાતમાંથી 99 જેટલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આ ચૂંટણીમાં દરેક ઉમેદવારે સમગ્ર ગુજરાતના વકીલોના વોટ લેવાના હોય છે. જેમાંથી 23 સભ્યો ચૂંટાતા હોય છે. જે પૈકી વલસાડના પી. ડી. પટેલે ફરીથી પોતાની દાવેદારી નોંધાવી હતી. આમ બાર કાઉન્સિલ ગુજરાતની ચૂંટણીમાં પી. ડી. પટેલે બીજી વખત વિજેતા બની ઇતિહાસ રચ્યો છે. આ પ્રતિષ્ઠા ભરી ચૂંટણીમાં પી. ડી. પટેલના વિજયને સમગ્ર ગુજરાતના અને દક્ષિણ ગુજરાતના વકીલોએ ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવી વધાવ્યો હતો. હવે પી. ડી. પટેલને સમગ્ર ગુજરાતના બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન બને એ માટે ગુજરાતના વકીલોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### ઉમરગામ નારગોલ કોસ્ટલ હાઈવે પર અકસ્માતમાં ઘાયલ દંપતી પૈકી પત્નીનું મોત

ઉમરગામ : ઉમરગામ નારગોલ કોસ્ટલ હાઈવે પર અકસ્માતમાં ઘાયલ દંપતી પૈકી પત્નીનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં કરુણ મોત નિપજવા પામ્યુ હતુ. ઉમરગામ પેરામ ફળિયામાં રહેતા દર્શનભાઈ ડાહ્યાભાઈ માછી તેમની પત્ની પ્રિયંકાબેન દર્શનભાઈ માછી (ઉ 37) સાથે તારીખ 17/03/26 ના મંગળવારે મોટરસાયકલ પર નારગોલથી પરત ઉમરગામ આવી રહ્યા હતા ત્યારે નારગોલ ઉમરગામ કોસ્ટલ હાઈવે છઠપૂજા તળાવની પાસે રોડ ઉપર અચાનક તેમની બાઈક ગાય સાથે અથડાતા તેઓ રોડ ઉપર પડી ગયા હતા અને બંનેને ઈજા થતાં ઉમરગામની મમતા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં દર્શનભાઈને સામાન્ય ઇજા થઈ હતી જ્યારે પ્રિયંકાબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે વાપીની હરિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યા સારવાર દરમિયાન પ્રિયંકાબેનનું મોત નીપજવા પામ્યુ હતુ. આ બનાવની ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### મધ્યપ્રદેશના રાજ્યપાલ બીલીમોરા-ચીખલીની શુભેચ્છા મુલાકાતે


કેરસી બારીયા

બીલીમોરા : મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ શનિવારે સવારે બીલીમોરાની મુલાકાતે પધાર્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે બીલીમોરામાં સ્થિત સોમનાથ દાદા મંદિરે જઈ શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા અને આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ રાજ્યપાલે પોતાના સ્નેહીજનો અને સ્વજનોના નિવાસ સ્થાનોની મુલાકાત લીધી હતી. જેમાં બીલીમોરાના રાજકીય અગ્રણી વિજય પટેલ તેમજ આસુસિંગ લબાના (પીચીભાઈ)ના નિવાસસ્થાને જઈ પરિવારજનો સાથે જૂના સંસ્મરણો તાજા કર્યા હતા. રાજ્યપાલના આગમનની ખબર મળતાં જ તેમને મળવા માટે અનેક રાજકીય અને સામાજિક આગેવાનો ઉમટી પડ્યા હતા. જેમાં માજી મંત્રી કરશનભાઈ પટેલ, અમિતાબેન પટેલ, અશ્વિન પટેલ, નિરવ ટેલર, પ્રજ્ઞેશ પટેલ, મનીષ પટેલ, સુમિત્રા પટેલ, ઉર્વશી પાટીલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાહન ચોરી ગેંગનાં બે ઝડપાયા

**ડાંગનાં** વઘઈની પોલીસે ગેંગનાં બે શખ્સને ઝડપી પાડતા અનેક ગુનાઓનો ભેદ ઉકેલાયો

**ખેતરો** અને ગાર્ડનમાંથી સબમર્સિબલ પંપ, સ્ટાર્ટર અને વાયરોની ચોરી પણ કરતો હોવાનું કબૂલ્યું


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઈ ટાઉનમાંથી પીક-અપ વાહનની ચોરી કરનાર રીઢા આરોપીઓને વઘઈ પોલીસ મથકનાં પી.આઈ.વી.કે. ગઢવીની ટીમે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી, તેમની પાસેથી ચોરીના ત્રણ મોટરસાયકલ અને ઈલેક્ટ્રિક સામાન સહિત લાખોનો મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મેળવી છે. વઘઈ પોલીસ સ્ટેશનમાં ગત ૧૮/૦૩/૨૦૨૬ના રોજ પીક-અપ ચોરી અંગેનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવ સૂચના હેઠળ, પી.આઈ. વી.કે. ગઢવી અને તેમની ટીમે ટેક્નિકલ અને હ્યુમનસોર્સની મદદથી તપાસ હાથ ધરતા મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર પરથી ચોરીની પીક-અપ સાથે દેવીદાસભાઇ રામજયાભાઇ ભોયે (ઉં.વ.૪૨.રહે. મોટામાળગામ, તા. સુરગાણા, જિ. નાસિક) અને મધુભાઇ રામજયાભાઇ ભોયે (ઉં.વ. ૩૫ રહે. જામનવિહિર ગામ, તા. આહવા) ની અટકાયત કરી હતી. ચોરી કરવાની અનોખી મોડસ ઓપરેન્ડી જોવા મળી હતી. આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. મુખ્ય આરોપી દેવીદાસ ભોયે વાહનોના શો-રૂમ પર જઈ ટેસ્ટ ડ્રાઈવના બહાને એજન્ટોનો વિશ્વાસ જીતી વાહન લઈને ફરાર થઈ જતો હતો. આ ઉપરાંત, તે સેકન્ડ હેન્ડ વાહનોના માલિકોનો સંપર્ક કરી, દિવસ દરમિયાન રેકી કરતો અને રાત્રિના સમયે વાહનોની ચોરી કરતો હતો. છેલ્લા ચાર વર્ષથી તે ખેતરો અને ગાર્ડનમાંથી સબમર્સિબલ પંપ, સ્ટાર્ટર અને વાયરોની ચોરી પણ કરતો હોવાનું કબૂલ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી પીક-અપ વાહન (GJ-26-U-1848) તથા ૩ મોટરસાયકલ (હોન્ડા સાઈન, સ્પ્લેન્ડર, યુનિકોર્ન) તથા ૧ સબમર્સિબલ પંપ, ૩ ઈલેક્ટ્રિક સ્ટાર્ટર અને ૩૮૨ મીટર વાયર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વઘઈ પોલીસ મથકનાં પી.આઈ.વી.કે.ગઢવી દ્વારા કરવામાં આવેલ સફળ કામગીરીનાં પગલે વઘઈ, આહવા અને વાંસદા સહિત મહારાષ્ટ્રનાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી વાહન ચોરી અને છેતરપિંડીના વણઉકેલાયેલા ગુનાઓ ડિટેક્ટ કરવામાં આવ્યા છે. હાલમાં વઘઈ પોલીસની ટીમ દ્વારા આ બન્ને આરોપીઓને કસ્ટડીમાં લઈ વધુ પૂછપરછ હાથ ધરી છે.

# જૂનાથાણામાં વીજ તંત્રની કાર્યવાહીથી ખળભળાટ

**ગીચ** વસ્તી ધરાવતા વિસ્તારમાં વિજિલન્સ ટીમનું 20થી વધુ ઘરોમાં સરપ્રાઈઝ ચેકિંગ

નવસારી : શહેરના જૂનાથાણા વિસ્તારમાં શુક્રવારે વીજ તંત્રએ અચાનક ધડાકેદાર કાર્યવાહી કરતાં સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. ગીચ વસ્તી ધરાવતા આ વિસ્તારમાં વિજિલન્સ ટીમ સાથે ઉતરેલી અધિકારીઓની ટુકડીએ વીજ ચોરી અને અનિયમિત કનેક્શનો સામે 'ઝીરો ટોલરન્સ' દર્શાવતા 20થી વધુ ઘરોમાં તાબડતોબ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.

બપોર દરમિયાન એકસાથે અનેક વાહનો સાથે તંત્રના અધિકારીઓ પહોંચતા લોકોમાં ફફડાટ સાથે ચર્ચાનો માહોલ સર્જાયો હતો. જોકે કોઈ પ્રકારના વિવાદ વગર સ્થાનિકોએ તપાસમાં સહકાર આપ્યો હતો. અધિકારીઓએ મીટર રીડિંગ, વાયરિંગની સ્થિતિ અને લોડ ક્ષમતાની કડક અને ઝીણવટભરી ચકાસણી કરી હતી.

સૂત્રો મુજબ, આ માત્ર સામાન્ય ચેકિંગ નહોતું, પરંતુ વિજિલન્સની ખાસ ટીમની હાજરીથી મોટા પાયે ગેરરીતિઓ પર કડક કાર્યવાહી કરવાનો પ્રયાસ હતો. એક જ દિવસે 20થી વધુ ઘરોમાં સ્કેનિંગ થવું એ દર્શાવે છે કે વીજ તંત્ર હવે સખ્ત વલણ અપનાવી રહ્યું છે. આ કાર્યવાહીનો સ્પષ્ટ સંદેશ છે. વીજ ચોરી સહન નહીં થાય. હવે શહેરના અન્ય વિસ્તારોમાં પણ આવી જ 'પાવર બ્લિટ્ઝ' કામગીરી થવાની શક્યતા છે, જેના કારણે ગેરકાયદેસર કનેક્શન ધરાવતા લોકોમાં ચિંતા અને દોડધામ શરૂ થઈ ગઈ છે.

# વાપીના નવા 11 ગામના લોકોમાં વેરો ભરવામાં ઉત્સાહ

**3471** મિલકત ધારકોએ રૂપિયા 1.41 કરોડનો વેરો ભરી દીધો

**ચાલુ** માસમાં બલીઠાના ૬૭૨, છરવાડાના ૬૪૧ અને છીરીના ૪૨૪ મિલકત ધારકો વેરો ભરીને અગ્રેસર રહ્યા



વાપી : વાપી મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ થયેલા 11 ગામોના નાગરિકોએ વેરો ભરવામાં ભારે ઉત્સાહ દાખવી શહેરના વિકાસમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવી છે. તાજેતરમાં મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરીએ વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કરતા જણાવ્યું હતું કે, નવા ભળેલા વિસ્તારોમાં વિકાસકાર્યો અત્યારે પ્રગતિ હેઠળ છે અને જન સુખાકારી માટે અનેક નવા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે. વહીવટીતંત્રે સતત બીજા વર્ષે પણ વેરાના દરમાં કોઈ જ વધારો ન કરવાની જાહેરાત કરીને પ્રજાલક્ષી અભિગમ અપનાવ્યો છે. જેના પર નાગરિકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. માર્ચ માસમાં ૧૧ ગામ વિસ્તારના ૩૪૭૧ મિલકત ધારકોએ પોતાનો રૂપિયા ૧.૪૧ કરોડનો વેરો ભરી દીધો છે. અત્યાર સુધીમાં ૧૧ ગામ વિસ્તારમાંથી રૂપિયા ૧૨.૯૯ કરોડની વેરા વસૂલાત થઈ છે. જે ગત વર્ષ કરતાં ૩.૪૪ કરોડ વધુ છે.

ગામ વિસ્તારના લોકોને વેરો ભરવા પ્રોત્સાહિત કરવા નાયબ મ્યુનિસિપલ કમિશનર આસ્થા સોલંકીના માર્ગદર્શનમા ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ રાકેશ ઠક્કરની રાહબરીમાં ઘરવેરાની ટીમો વિવિધ સોસાયટીઓમાં રૂબરૂ જઈને નાગરિકોને વેરો ભરવા પ્રોત્સાહિત કરી રહી છે. બલીઠામાં રાજ રેસિડેન્સી, કરવડમાં સાંઇ આસ્થા, સલવાવમાં શિવાલય કોમ્પ્લેક્ષ, કુંતામાં કુન્તેશ્વર રેસીડેન્સી વગેરેમાં મુલાકાત કરી હતી. આગામી વર્ષે પણ વેરો વધવાનો નથી અને રિબેટ યોજનાનો લાભ મળવાનો છે. પરંતુ જો ૩૧ માર્ચ સુધી વેરો ભરવામાં નહીં આવે તો ૧૨% વ્યાજ લાગી જશે. જેથી બાકી વેરો ભરી પોતાની જવાબદારીમાંથી મુક્ત થવા જણાવાયું છે.

આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો ચાલુ માસમાં બલીઠાના ૬૭૨, છરવાડાના ૬૪૧ અને છીરીના ૪૨૪ મિલકત ધારકો વેરો ભરીને અગ્રેસર રહ્યા છે. નાગરિકો પોતાની જવાબદારી સમજી સમયસર વેરો ભરી વ્યાજની રકમમાંથી મુક્તિ મેળવે તે હિતાવહ છે. ૩૧ માર્ચ સુધી તમામ દિવસો દરમિયાન વેરો સ્વીકારવાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો લાભ લેવા યાદીમાં જણાવાયું છે.

# વાપીમાં ટ્રાફિક પોલીસ સ્ટેશન અને સરીગામ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ

**વાપી** ટ્રાફિક પોલીસ સ્ટેશન બનવાથી શહેરમાં ટ્રાફિક સમસ્યાઓ હળવી થશે - મંત્રી કનુભાઈ




વાપી : નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ વાપીમાં નવા ટ્રાફિક પોલીસ સ્ટેશન અને સરીગામ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. આ પોલીસ સ્ટેશનો વલસાડ જિલ્લાના ૧૬મા અને ૧૭મા પોલીસ સ્ટેશનો બન્યા છે. વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશન ગુજરાતમાં ચાર મહાનગરો સિવાય ગુજરતનું સામાન્ય શહેરમાં પહેલું ટ્રાફિક પોલીસ સ્ટેશન છે. વાપી તાલુકા સદન, ને.હા.નં.48 બલીઠામાં આ ટ્રાફિક પોલીસ સ્ટેશન કાર્યરત થવાથી વાપી શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ વધુ સુવ્યવસ્થિત થશે.

મંત્રીએ કહ્યું હતું કે, આપણા સમગ્ર વિસ્તારમાં શાંતિ સ્થપાયેલી રહે છે, તે પોલીસ તંત્રની સજાગતાને આભારી છે. નવી ટેક્નોલોજીના ઉપયોગથી પોલીસ તંત્ર ખુબ જ સારૂ કાર્ય કરી રહ્યું છે. વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશન બનવાથી શહેરમાં ટ્રાફિક સમસ્યાઓ હળવી થશે. સાથે સાથે સરીગામમાં પોલીસ સ્ટેશનની પણ જૂની માંગ પુરી થતા સરીગામમાં કાયદો અને વ્યવસ્થા સારી રીતે જળવાશે.

મંત્રીએ મહાનુભાવો સાથે પોલીસ સ્ટેશનની મુલાકાત કરી નિરીક્ષણ કર્યું હતું અને કામગીરી પ્રક્રિયા જાણી હતી. આ પ્રસંગે સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંઘે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ સ્વાગત પ્રવચન કરી સૌને અવકાર્યા હતાં. નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેએ આભારવિધિ કરી હતી.

કાર્યક્રમમાં ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકર, ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, કલેક્ટર ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી સોનલ સોલંકી, તાલુકા અને શહેર સંગઠનના પ્રમુખ પુનિત પટેલ, સમય પટેલ અને મનીષ દેસાઈ, વલસાડ નાયબ પોલીસ અધિક્ષક એ.કે.વર્મા, નાયબ પોલીસ અધિક્ષક ભાર્ગવ પંડ્યા, ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર મયુર પટેલ સહિત પોલીસ તંત્રના અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### લોનની લાલચમાં સીમલકના યુવક સાથે 4,900ની સાયબર છેતરપિંડી

નવસારી : સોલાર પેનલ ફિટિંગના કામ સાથે સંકળાયેલા 28 વર્ષીય મહમદ હસન મોહમદ હાંસે ફેસબુક પર લોનની જાહેરાત જોઈ તેની લિંક ખોલતા અજાણ્યા શખ્સો દ્વારા વોટ્સએપ પર સંપર્ક કરવામાં આવ્યો હતો. ઠગોએ આધાર કાર્ડ, પાન કાર્ડ અને ઈમેલ જેવી માહિતી મેળવી 'InCred Finance'ના નામે 67,000ની લોન મંજૂર થયાનું જણાવ્યું હતું. જોકે, ખાતામાં કોઈ રકમ જમા ન થતાં શંકા ઊભી થઈ હતી. ત્યારબાદ પ્રોસેસિંગ ફી તરીકે 'પંચાલ નિખિલ' નામના QR કોડ મારફતે 4,900 ટ્રાન્સફર કરાવ્યા હતા. વારંવાર વધુ રકમની માંગણી થતા યુવકને છેતરપિંડીનો અહેસાસ થતા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી.

# પત્ની પિયર ગઈ ને પતિએ અન્ય મહિલા સાથે ઘરે પાર્ટી કરી

**વલસાડના** તિથલ રોડ પર કહેવાતા સભ્ય સમાજના યુવકે ઓડિસાની યુવતી બોલાવી હતી

**પત્નીએ** પકડી પાડતાં બે સંતાનોના પિતા સામે પોલીસ કેસ કરાય

વલસાડ : વલસાડ તિથલ રોડ પર સભ્ય સમાજના પરિવારમાં એક અજીબ કિસ્સો બન્યો હતો. જેની વ્યાપક ચર્ચા શહેરભરમાં ચાલી રહી છે.

બે સંતાનોના પિતા એવા પુરુષની પત્ની રાબડા પિયર જતાં તેણે ઓડિસાની મહિલાને ઘરે બોલાવી હતી. તેની જાણ પત્નીને થતાં પત્ની ઘરે આવી ગઈ હતી અને બંનેને નશાની હાલતમાં પકડી પોલીસને ફોન કર્યો હતો. ત્યારે પોલીસ પર યુવક અને યુવતી વિરૂદ્ધ શરાબના નશાનો કેસ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, તિથલ રોડ પર એક એપાર્ટમેન્ટમાં રહેતા અને બે સંતાનોના પિતા એવા પુરુષે પોતાની પત્ની રાબડા ગામે પિયર જતાં ઓડિસાની 31 વર્ષની યુવતીને ઘરે બોલાવી હતી. આ દરમિયાન તેની પત્નીનો વિડીયો કોલ આવ્યો અને પત્નીએ યુવતીના ચપ્પલ જોઈ લીધા હતાં. એ ચપ્પલ મહિલાના હોય તેની પત્નીને શંકા ગઈ હતી અને તેણી તુરંત પોતાના ઘરે પરત થઈ હતી. ત્યારે પતિએ મહા મહેનતે દરવાજો ખોલ્યો હતો. ત્યારે આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતાં.

એ સમયે તેની પત્નીએ ઘરમાં જઈને જોતાં અજાણી યુવતી ઘરમાં સૂતેલી જોવા મળી હતી. ત્યારે તેણે પોલીસને કોલ કર્યો હતો. પોલીસે આવી તપાસ કરતા મહિલાનો પતિ અને ઓડિસાની યુવતી નશાની હાલતમાં જણાતાં તેમણે બંને વિરૂદ્ધ શરાબના નશાનો કેસ કર્યો હતો. આ ઘટનામાં પોલીસે દારૂ પિધેલાનો કેસ કરી કાર્યવાહી કરી હતી. જેની વ્યાપક ચર્ચા તિથલ રોડના સભ્ય સમાજમાં ચાલી હતી.

# ટ્રાન્સપોર્ટ દ્વારા દારૂ રાજકોટ પહોંચે તે પહેલા ડુંગરા પોલીસે ઝડપી પાડ્યો

વાપી : વાપી કરવડમાં આવેલી ટ્રાન્સપોર્ટમાં અજાણ્યા ઈસમે રીક્ષામાં 7 ડ્રમ ભરીને મોકલ્યા હતા અને તે રાજકોટ પહોંચાડવાનો હતો. આ અંગે ટ્રાન્સપોર્ટ દ્વારા બીલ માંગ્યું હતું. જો કે, તે બીલ પછી આપી જઈશ કહી થોડા દિવસ સુધી ગોડાઉનમાં ડ્રમ રાખવામાં આવ્યા હતા અને આ ડ્રમ શંકાસ્પદ લાગતા ટ્રાન્સપોર્ટના મેનેજરે વાપી ડુંગરા પોલીસ સ્ટેશને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસ ટીમે ડ્રમ ખોલી જોતા તેમાંથી વિદેશી દારૂ-બીયરનો જથ્થો મળી આવ્યો હતો. વાપી નજીકના કરવડ, પરમ લોજીસ્ટીક પાર્કમાં આવેલા પીએનપી ટ્રાન્સપોર્ટ પર કોઈક ઈસમે મોબાઈલથી ફોન કરી જણાવ્યું કે, નાના ડ્રમ રીક્ષામાં આવશે અને તે રાજકોટ મોકલવાના છે અને તેનું બીલ આપી જઈશ. જે બાદ ઓટો રીક્ષામાં સાત ડ્રમ આવ્યા હતા અને તે ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં મૂકી દીધા હતાં. જે બાદ ટ્રાન્સપોર્ટના મેનેજર દ્વારા ડ્રમ મોકલનાર પાસે બીલ મંગાવતા તે આવ્યો ન હતો. જેથી શંકાસ્પદ લાગતા ડુંગરા પોલીસ મથકે ફોન કર્યો હતો. જે બાદ પોલીસ ટીમ પહોંચી શંકાસ્પદ ડ્રમના ઢાંકણો ખોલી તપાસ કરતા વિદેશી દારૂ અને બીયર ટીન ભરેલા મળ્યા હતાં. જેની કિંમત આશરે 95,600 આંકવામાં આવી હતી. પોલીસે અજાણ્યા સામે પ્રોહિ.મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બીલીમોરામાં 'વેરો નહીં તો સેવા નહીં'

**વેરા** વસૂલાત સામે ગણદેવી નગરપાલિકાના કડક પગલાં, ૨૦ નળ જોડાણો કપાયા

**કુલ** રૂપિયા ૧,૪૦,૧૭,૩૧૪ ની સામે રૂપિયા ૯૩,૧૨,૫૦૭ એટલે કે ૬૬.૪૪ ટકા જ વસૂલાત થઇ


કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી નગરપાલિકા વિસ્તારમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અંતિમ તબક્કામાં છે ત્યારે વેરા વસૂલાતને લઈ પાલિકા દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. પાલિકા દ્વારા નાગરિકોને સમયસર વેરો ભરવા અપીલ સાથે વેરો નહીં તો સેવા નહીંનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.

ચાલુ વર્ષમાં કુલ રૂપિયા ૧,૪૦,૧૭,૩૧૪ ના વેરા માંગણા સામે અત્યાર સુધીમાં રૂપિયા ૯૩,૧૨,૫૦૭ એટલે કે ૬૬.૪૪ ટકા જ વસૂલાત થઈ છે. જ્યારે પાછલા વર્ષના રૂપિયા ૧૫,૨૨,૫૩૯ સામે માત્ર રૂપિયા ૩,૧૪,૭૪૭ એટલે કે ૨૦.૬૭ ટકા વસૂલાત થઈ છે. છતાં ચાલુ વર્ષના રૂપિયા ૪૭,૦૪,૮૦૭ અને ૩૯૦ મિલ્કતધારકો પાસે પાછલા વર્ષના રૂપિયા ૧૨,૦૭,૭૯૨ બાકી રહી કુલ રૂપિયા ૫૮,૧૨,૫૯૯ ની ઉઘરાણી બાકી છે. ગણદેવી નગરપાલિકા વિસ્તારમાં કુલ ૬૯૨૧ મિલ્કતો છે, જેમાં ૫૪૮૫ રહેણાંક અને ૧૪૩૬ બિન-રહેણાંક (કોમર્શિયલ) મિલ્કતોનો સમાવેશ થાય છે. આ તમામ મિલ્કતો પર મિલકત, પાણી, ગટર, લાઈટ અને સફાઈ સહિતના વેરા લાગુ પડે છે. નાણાકીય વર્ષ પૂરું થવા હવે માત્ર એક સપ્તાહનો સમય બાકી હોય પાલિકા દ્વારા બાકીદારો સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વેરો ન ભરનારાઓના નળ જોડાણો કાપવાની કામગીરી હાથ ધરાઈ છે, જેમાં શનિવારે જ ૨૦ નળ જોડાણો બંધ કરવામાં આવ્યા હતા. પાલિકા ચીફ ઓફિસર પ્રાચી દોશી, ઈજનેર ધવલ રાઠોડ અને વેરા અધિકારી શૈલેષ પટેલની ટીમ દ્વારા ઘર-ઘર જઈને જાગૃતિ અભિયાન સાથે વસૂલાત તેજ બનાવવામાં આવી રહી છે. પાલિકા ઈજનેર ધવલ રાઠોડ રાઉન્ડ ધ કલોક કાર્યવાહી કરી રેકોર્ડ બ્રેક વસૂલાત તરફ અગ્રેસર છે.

### પાલિકાની નાગરિકોને અપીલ

તમામ નાગરિકોએ અંતિમ તારીખ પહેલા પોતાનો બાકી વેરો તાત્કાલિક ભરવો. સમયસર વેરો ભરવાથી નાગરિક સુવિધાઓમાં સતત સુધારો શક્ય બને છે અને કડક કાર્યવાહીથી પણ બચી શકાય છે. આપનો વેરો, આપના શહેરનો વિકાસને ધ્યાનમાં રાખી સહકાર આપવા પાલિકાએ અપીલ કરી છે.